કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીત વનની સામે, સેકટર-૧૯,
ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષય: પોષણ અભિયાન અંતર્ગત "પોષણ પખવાડા ૨૦૨૬"ની ઉજવણી અન્વયે શિક્ષણ વિભાગે કરવાની થતી કાર્યવાહી બાબત

સંદર્ભ: કમિશનર પીએમ પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: Letter No: CMMS/0029/04/2026 Approved Date: 13-04-2026

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, "પોષણ અભિયાન અંતર્ગત પોષણ પખવાડા ૨૦૨૬"ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં કરવાની થાય છે. વર્ષ ૨૦૨૬માં પોષણ પખવાડા માહે એપ્રિલ ૨૦૨૬ (તા.૦૯/૦૪/૨૦૨૬ થી તા.૨૩/૦૪/૨૦૨૬) દરમ્યાન ભારત સરકારના સંદર્ભદર્શિત પત્રથી મળેલ સૂચના મુજબ રાજ્યની તમામ શાળાઓમાં(બાલવાટીકાના બાળકો માટે) નીચે મુજબની થીમ પર ભાર મૂકી વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય છે.

૧. માતા અને બાળકોનું પોષણ
૨. બાળકના મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન(૦-૩ વર્ષ)
૩. શરૂઆતના વર્ષોમાં રમત આધારિત શિક્ષણ(૩-૬ વર્ષ)
૪. સ્ક્રીન ટાઇમ ઘટાડવામાં માતા-પિતા અને સમુદાયની ભૂમિકા
૫. કેન્દ્રોને મજબૂત બનાવવા માટે સમુદાયનું સમર્થન મેળવવવું

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર....1516....
તારીખ....22/4/26
સહી....
કચેરીની સહી........

પોષણ પખવાડા માહે એપ્રિલ ૨૦૨૬માં ભારત સરકારશ્રીના સંદર્ભદર્શિત પત્રથી મળેલ સૂચનાઓ મુજબ પોષણ માહ તા.૯ થી ૨૩ અપ્રિલની ઉજવણીના ભાગરૂપે "પોષણ પખવાડા માહે એપ્રિલ ૨૦૨૬" અંતર્ગત "પોષણ કક્ષા" થીમને ધ્યાનમાં લઇ નીચે જણાવેલ પ્રવૃતિઓનું આપની કક્ષાએથી આયોજન કરાવવા જરૂરી કાર્યવાહી તથા આપની તાબાની કચેરીઓને માર્ગદર્શક સૂચનાઓ આપવા વિનંતી છે. ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના તા.૦૩/૦૪/૨૦૨૬ના પત્રમાં નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવા જણાવેલ છે.

૧. જાગૃતિ કાર્યક્રમોનું આયોજન (માતા અને બાળકોનું પોષણ): શાળાઓ સંતુલિત આહાર, પોષણ અને સ્વસ્થ ખાવાની આદતોના ફાયદાઓના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરતા ઇન્ટરેક્ટિવ સત્રો, વર્કશોપ અને સેમિનારનું આયોજન કરી શકાય.

૨. પોષણ સાક્ષરતા ઝુંબેશ (બાળકના મગજના વિકાસ માટે પ્રારંભિક ઉત્તેજન) : શિક્ષકો વિદ્યાર્થીઓને પોષણ સંબંધિત મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા માટે પોસ્ટર, સ્કીટ અથવા વિડિઓ જેવી શૈક્ષણિક સામગ્રી બનાવવા માટે માર્ગદર્શન આપી શકાય. DIY/સ્વદેશી

S-3
22/4/26



Scanned with CamScanner

રમકડા મેળાનું આયોજન કરી શકાય છે.

૩. શરૂઆતના વર્ષોમાં રમત આધારિત શિક્ષણ: બાળકોને પોષણ વિશે સમજુતી આપતી પોષણ કક્ષાની વર્કશોપનું આયોજન કરવું.

૪. સ્પર્ધાઓ અને કાર્યક્રમો(સ્ક્રીન ટાઇમ ઘટાડવામાં માતા-પિતા અને સમુદાયની ભૂમિકા):: પોષણ, આરોગ્ય અને સામાજિક સ્વાસ્થ્ય પર કેન્દ્રિત ચિત્રકામ, નિબંધ-લેખન, વક્તૃત્વ સ્પર્ધાઓ રમતગમતની સ્પર્ધાઓ અને ક્વિઝ સ્પર્ધાઓ જેવા કાર્યક્રમોનું આયોજન કરો.

૫. માતાપિતાની ભાગીદારી (આંગણવાડી કેન્દ્રોને મજબૂત બનાવવા માટે સમુદાયનું સમર્થન મેળવવવું)

શાળાઓ વિદ્યાર્થીઓને પરંપરાગત ખોરાક (શ્રી અન્ન) અને સ્થાનિક કૃષિ પદ્ધતિઓ વિશે શીખવા માટે પ્રોત્સાહિત કરે છે જે વધુ સારા સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે. આ સ્વદેશી ખોરાકના પોષણ મૂલ્યને પ્રકાશિત કરતા જ્ઞાન-વહેંચણી સત્રો દ્વારા કરી શકાય છે. શાળાઓ ઘરે પૌષ્ટિક ભોજન પૂરું પાડવાના મહત્વ અને સ્વસ્થ ખાવાની આદતોને પ્રોત્સાહન આપવામાં પરિવારની ભૂમિકા અંગે ચર્ચા કરવા માટે માતાપિતા સાથે ખાસ SMC બેઠકોનું આયોજન કરી શકે છે.

૬. આરોગ્ય અને સ્વચ્છતા જાગૃતિ: પોષણ પખવાડાના મુખ્ય ઘટકમાં વિદ્યાર્થીઓને ખોરાકની તૈયારી, સંગ્રહ અને વપરાશ વગેરેમાં સ્વચ્છતા અને સ્વચ્છતા પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો પણ સમાવેશ થશે.

જિલ્લા/તાલુકા કક્ષાએ કરવાની થતી પ્રવૃત્તિઓ

- પોષણ પે ચર્ચા (ટોક શો, જૂથ ચર્ચાઓ)
- નાગરિક જાગૃતિ માટે પોષણ વિડિઓ, રીલ્સ અને સેલિબ્રિટી અને સ્થાનિક પ્રભાવકો (પદાધિકારીઓ સિવાય)ની ભાગીદારીથી પ્રચાર
- પોષણ કી કહાની, દાદી નાની કી ઝુબાની
- રેસીપી નિદર્શન (સ્થાનિક પૌષ્ટિક ખોરાક) અને રસોઈ સ્પર્ધાઓ
- વિકાસના સીમાચિહ્નો પર ગૃહ મુલાકાત
- માતા-બાળકની ક્રિયા-પ્રતિક્રિયા નિદર્શનો
- રમત-આધારિત શિક્ષણ (સ્થાનિક સામગ્રી)
- ભાષા વિકાસ સત્રો
- પોષણ અને મગજના વિકાસને લિંક કરો
- વિકાસમાં વિલંબની સવેળા ઓળખ
- સમુદાયની ભાગીદારી સાથે પોષણ રેલીઓ
- સ્ક્રીનના જોખમો પર કાઉન્સેલિંગ
- સલામત સ્ક્રીન મર્યાદાઓ પર જાગૃતિ વિડિઓ



Scanned with CamScanner

- "નો-સ્ક્રીન અવર" ઝુંબેશ
- "ફેમિલી પ્લે ટાઇમ" પહેલ
- આઉટડોર ગેમ્સ, રમતગમત અને યોગનો પ્રચાર
- દાન ઝુંબેશ (રમકડાં, શિક્ષણ સામગ્રી, માળખાગત સુવિધાઓ)
- સામુદાયિક કાર્યક્રમો (તિથિ ભોજન, ઉજવણી)
- પોષણ મેળાનું આયોજન

ઉપર મુજબની પ્રવૃત્તિઓ દરેક શાળામાં આયોજિત થાય અને "પોષણ અભિયાન અંતર્ગત પોષણ પખવાડા ૨૦૨૬"ની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય તે માટે સઘન પ્રયત્નો કરવા તથા આ સાથે જોડેલ બિડાણનો વિગતે અભ્યાસ કરવો. ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે આપેલ પત્રની નકલ, ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલયના પત્રની નકલ અને પોષણ કક્ષા અંતગત કરી શકાય તેવી પ્રવૃતિઓની સૂચી પણ આ સાથે સામેલ છે. રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળ શાળા અને બ્લોક લેવલની પ્રવૃતિઓની વિગતો **poshanabhivaan.gov.in** વેબસાઇટ પર અચૂક અપલોડ કરવાની સૂચનાઓ આપવા કમિશનર, પીએમ પોષણની કચેરી દ્વારા જણાવેલ છે.

આમ, ઉક્ત જણાવ્યા મુજબની વિગતે "પોષણ અભિયાન અંતર્ગત પોષણ પખવાડા ૨૦૨૬" ઉજવણી કરવા તથા ઉક્ત જણાવ્યા મુજબની પ્રવૃત્તિઓ કરવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં થાય તે અંગે આપની કક્ષાએથી સૂચનાઓ આપવા જણાવવામાં આવે છે.

**(E-Sign)**
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ,રા., ગાંધીનગર

Signature Not Verified
Signed by Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date:2026.04.20
12:05:45 +5:30



Scanned with CamScanner

ક્રમાંક. ક – 3/પરચ/૨૦૨૬/ ૩૧૪૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા. ૨૨ / ૦૪ /૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**<u>નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)</u>**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

Scanned with CamScanner